અપીલ અરજી નં.૬૯૬ તા.૧૭–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી આશીફખાન હમીદખાન પઠાણ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીફખાન હમીદખાન પઠાણની તા.૯–૧૨–૧૧ની અરજીથી શેખ સાબીર શેખ સિકંદર ઝુંપડા નં. ૩૮૬માં ૧૫ વ્યકિતઓનો વસવાટ હોવા છતાં એક જ આવાસ આપવામાં આવેલ છે શેખ સાબીરના ૨૦૦૫ની મતદાર યાદીનો પુરાવો, ઈલેકશન કાર્ડ તેનું, તેની પત્નીનું, બાળકોના જન્મ દાખલા, મકાનમાં પડાવેલા ફોટાના પુરાવા હોવા છતાં કયા કારણસર આવાસ આપવામાં વિલંબ કરવામાં આવેલ છે. તમામ પુરાવા આથે બે વખત ફાઈલ બનાવીને અરજી કરી હોવા છતાં શું કારણ છે ? જવાબદાર કોણ ? ન આપવાનું કારણ શું ? વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૬ /૨૦૧૧–૧૨

શ્રી આશીફખાન હમીદખાન પઠાણની તા. ૯–૧૨–૧૧ની અરજીથી શેખ સાબીર શેખ સિકંદર, ઝુંપડા નં. ૩૮૬માં ૧૫ વ્યકિતઓનો વસવાટ હોવા છતાં એક જ આવાસ આપવામાં આવેલ છે શેખ સાબીરના ૨૦૦૫ની મતદાર યાદીનો પુરાવો, ઈલેકશન કાર્ડ તેનું–તેની પત્નીનું, બાળકોના જન્મ દાખલા, મકાનમાં પડાવેલા ફોટાના પુરાવા હોવા છતાં કયા કારણસર આવાસ આપવામાં વિલંબ કરવામાં આવેલ છે. તમામ પુરાવા સાથે બે વખત ફાઈલ બનાવીને અરજી કરી હોવા છતાં શું કારણ છે ? જવાબદાર કોણ ? ન આપવાનું કારણ શું ? વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૩–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો અરજદારની આવાસની અરજી, રજુઆત અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૫ તા. ૨૩–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને 1¼ માસ જેટલી વિલંબીત અપીલ માટે વાજબીપણું રજૂ કરવા તથા અપીલમાંની રજુઆત અનુસાર કાર્યવાહી માટે નારાજગી છે કે માહિતી નહીં મળવા અંગે તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૯–૧૨–૧૧ની અરજીથી શેખ સાબીર શેખ સિકંદર, ઝુંપડા નં. ૩૮૬માં ૧૫ વ્યકિતઓનો વસવાટ હોવા છતાં એક જ આવાસ આપવામાં આવેલ છે શેખ સાબીરના ૨૦૦૫ની મતદાર યાદીનો પુરાવો, ઈલેકશન કાર્ડ તેનું–તેની પત્નીનું, બાળકોના જન્મ દાખલા, મકાનમાં પડાવેલા ફોટાના પુરાવા હોવા છતાં કયા કારણસર આવાસ આપવામાં વિલંબ કરવામાં આવેલ છે. તમામ પુરાવા સાથે બે વખત ફાઈલ બનાવીને અરજી કરી હોવા છતાં શું કારણ છે ? જવાબદાર કોણ ? ન આપવાનું કારણ શું ? તેવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર ન મળતા તા. ૧૭–૩–૧૨ના રોજ વિલંબતી અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૨૦૭૫ તા. ૨૩–૩–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બન્ને પક્ષ તરફથી પૂરક વિગતો રજૂ કરેલ નથી. જેમાં અરજદાર પાસે 1¼ માસ જેટલી વિલંબીત અપીલ માટે વાજબીપણું રજૂ કરવા તથા અપીલમાંની રજુઆત અનુસાર કાર્યવાહી માટે નારાજગી છે કે માહિતી નહીં મળવા અંગે તે આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. તેમ છતાં તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય

અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબતીપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તેમની અરજી બાબતે કોઈ પણ માહિતી કે નિર્ણય આપેલ જણાતો નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૩–૧૨ ધ્યાને લેતાં ૧૫–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૯–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારની વિલંબીત અપીલને ધ્યાનમાં લઈ જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ પ્રસ્તુત કિસ્સામાં ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી આશીફખાન હમીદખાન પઠાણ,